

**તાપમાન**
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૧૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૩૮ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૪૫ | ૧૬ નવેમ્બર, ૨૦૧૬, બુધવાર ; કારતક વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


ગેરન્ટેડ ગિફ્ટ કુપન

અહીંથી કાપો




# આજથી સંસદનું શિયાળુ સત્ર

## નોટબંધીનો મામલો હચમચાવશે : કોંગ્રેસના નેતૃત્વમાં વિરોધ પક્ષો સરકારને ભીંસમાં લેવા સજ્જ



નવી દિલ્હી,તા. ૧૫

સાંસદનુ શિયાળુ સત્ર આવતીકાલે બુધવારથી શરૂ થઈ રહ્યુ હોબાળો થઈ શકે છે. આ મુદો સંસદના શિયાળુ સત્રને હચમચાવી મુકે તેવા એંધાણ છે. આ ઉપરાંત

**મોદી સરકાર નોટ ઉપર પ્રતિબંધના મુદ્દે મક્કમ હોવાથી શિયાળુ સત્ર જોરદાર તોફાની બનશે : આતંકવાદ, સરહદ પર ગોળીબાર સહિતના મુદ્દાઓ છવાશે**

છે. શિયાળુ સત્ર આ વખતે ભારે તોફાની બને તેવા એંધાણ મળી રહ્યા છે. આ વખતે શિયાળુ સત્રમાં રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવાના મુદ્દે ભારે જીએસટી પર ત્રણ બિલને આગળ વધારવાની સરકારની યોજના આડે અચડણો આવી શકે છે. શિયાળુ સત્રમાં આ વખતે નોટ પર પ્રતિબંધનો


● અનુસંધાન પાન-૭ પર


## આઇઆઇટીમાં ભરતી પર સંકટના વાદળ

મુંબઇ,તા. ૧૫

આઈઆઈટીમાં હાયરિંગ પર સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. કારણ કે કેમ્પસ પ્લેસમેન્ટ માટે વધારે કંપનીઓ તૈયાર દેખાઈ રહી નથી. આ વર્ષે કેમ્પસ પ્લેસમેન્ટ માટે અગ્રણી આઈઆઈટીમાં ખુબ ઓછી સ્ટાર્ટ અપ કંપનીઓ પહોંચવા ઈચ્છુક છે. આવી સ્થિતીમાં નોકરીની આશા લગાવીને બેઠેલા લોકોને ફટકો પડ્યો છે. વિદ્યાર્થીઓને પબ્લિક સેક્ટર કંપનીઓ પાસેથી વધારે આશા હતી. પરંતુ પીએસયુનુ વલણ નિરાશાજનક રહ્યુ છે.

# નોટ બદલતા પહેલા શાહીનું ટપકું કરાશે

**બેંક અને એટીએમ ઉપર લાંબી લાઇનો, અફડાતફડીનો અંત આવશે : એક જ વ્યક્તિ વારંવાર નોટ બદલવા માટે લાઈનમાં લાગી શકશે નહીં અને ભીડ ઘટશે : જનધન ખાતામાં ગેરકાયદે કારોબાર ઉપર ચાંપતી નજર : દાસ**




નવી દિલ્હી,તા. ૧૫

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ છેલ્લા કેટલાક દિવસથી બેંકો અને એટીએમ ઉપર લોકોની લાંબી લાઈનો અને અફડાતફડીના પરિણામ સ્વરુપે સ્થિતિ વણસી રહી છે ત્યારે આને હળવી કરવાના હેતુસર નવો પ્રયોગ કર્યો છે. જેના ભાગરુપે નાણા સચિવ શક્તિકાંત દાસે આજે કહ્યું હતું કે, નોટ બદલનાર વ્યક્તિની આંગળી ઉપર હવે મત વેળા ઉપયોગ કરવામાં શાહી લગાવવામાં આવશે. આનાથી એક જ વ્યક્તિ વારંવાર નોટ બદલવા માટેની લાઈનમાં લાગી શકશે નહીં.


● અનુસંધાન પાન-૭ પર



# નોટબંધીના નિર્ણય પર સ્ટેની અરજી સુપ્રીમે ફગાવી

## નાગરિકોને થઇ રહેલી તકલીફને દૂર કરવા કયા પગલા લેવાયા : સુપ્રીમ : એફિડેવિટ રજૂ કરવાનો કેન્દ્રને આદેશ : બ્લેકમનીનો આંકડો ૧૫થી ૧૬ લાખ કરોડ

નવીદિલ્હી,તા. ૧૫

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકોને ભારે તકલીફ થઈ રહી છે ત્યારે હવે સુપ્રીમ કોર્ટે પણ આની નોંધ લીધી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, સામાન્ય લોકોની તકલીફ ન પડે તે માટે પગલા લેવામાં આવે તે જરૂરી છે. સુપ્રીમ કોર્ટે સ્થિતિને હળવી કરવા યોગ્ય પગલા લેવા માટે સૂચના આપી છે. જો કે, સુપ્રીમ કોર્ટે સરકારના નોટ પર પ્રતિબંધના નિર્ણય પર સ્ટે મુકવાનો ઈન્કાર કર્યો હતો. સાથે સાથે નોટ ઉપર પ્રતિબંધના નિર્ણયને ફગાવી દેવાની માંગ કરતી અરજીનો અસ્વિકાર કરી દીધી હતી. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને બેંકો અને એટીએમ ઉપર લોકોની લાંબી લાઈનોના કારણે થઈ રહેલી પરેશાનીને હળવી કરવા લેવામાં આવી રહેલા પગલાની માહિતી આપવા કેન્દ્ર સરકારને આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પ્રશ્ન કરતા કહ્યું છે કે, લોકોને થઈ રહેલી અસુવિધાને પહોંચી વળવા માટે કયા પગલા લેવામાં આવી રહ્યા છે. આ મામલાની વધુ સુનાવણી ૨૫મી


● અનુસંધાન પાન-૭ પર

# હવે સીબીએસઈમાં ધો-૧૦માં બોર્ડની પરીક્ષા ફરજિયાત

## માનવ સંશાધન વિકાસ મંત્રી પ્રકાશ જાવડેકરની જાહેરાત : માનસિક દબાણને દૂર કરવાના હેતુસર છ વર્ષ અગાઉ બંધ કરવામાં આવેલી ધોરણ ૧૦માં બોર્ડની પરીક્ષાને ફરીથી અમલી કરાશે

નવી દિલ્હી,તા. ૧૫

સીબીએસઈની સ્કૂલોમાં આગામી સેશનથી ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા ફરજિયાત રહેશે. કેન્દ્રીય માનવ સંશાધન વિકાસમંત્રી પ્રકાશ જાવડેકરે આ અંગેની માહિતી આપી દીધી છે. સીબીએસઈએ વિદ્યાર્થીઓને માનસિક દબાણમાંથી દૂર થવા અપીલ કરી છે. સીબીએસઈના વિદ્યાર્થીઓની તકલીફને દૂર કરવા છ વર્ષ અગાઉ ધોરણ ૧૦માં બોર્ડની પરીક્ષા ખતમ કરવાની જાહેરાત કરી દીધી હતી. શિક્ષા નિષ્ણાતો અને વાલીઓ દ્વારા છેલ્લા ઘણા સમયથી જુની વ્યવસ્થાની લાગૂ કરવાની માંગ કરવામાં આવી રહી હતી. બોર્ડનું કહેવું છે કે, હવે ફરીવાર બોર્ડની પરીક્ષા શરૂ કરવામાં આવી રહી છે. જાણકાર લોકોનું કહેવું છે કે,



બોર્ડની પરીક્ષા ખતમ કરવા અને કોઈને ફેઈલ નહીં કરવાની નીતિથી એજ્યુકેશન ક્વાલિટી ઉપર અસર થઈ રહી હતી. અહીં પણ જોવા મળી રહ્યું છે કે, વિદ્યાર્થીઓ સીધીરીતે ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષા આપવાની સ્થિતિમાં રહેતા નથી. આનાથી તેમના કેરિયરની દિશા નક્કી કરવામાં તકલીફ થઈ રહી હતી. સરકાર વધારે ભારે સરકારી સ્કૂલોના શિક્ષણની ગુણવત્તાને સુધારવા ઉપર આપી રહી છે. તેમણે કહ્યું હતું કે, મોદી સરકાર શિક્ષણના સ્તરને સુધારવા માટે બનતા તમામ પ્રયાસ કરી રહી છે. વિદ્યાર્થીઓ વચ્ચે શિક્ષણની સાથે સાથેકેટલીક નવી બાબતોને જાણવાને લઈને ઉત્સાહ વધે તેવા પ્રયાસ થઈ રહ્યા છે.

# પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો

## પેટ્રોલમાં ૧.૪૬ અને ડીઝલમાં ૧.૫૩ સુધીનો ઘટાડો : ભાવમાં ઘટાડાને તાત્કાલિકરીતે અમલી કરવાનો નિર્ણય : હાલમાં તીવ્ર મોંઘવારી અને નોટ ઉપર પ્રતિબંધ બાદ મુશ્કેલીનો સામનો કરતા લોકોને મોટી રાહત

નવી દિલ્હી, તા.૧૫

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આજે લીટરદીઠ ૧.૪૬ અને ૧.૫૩ સુધીનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ભાવમાં ઘટાડાને તાત્કાલિક ધોરણે અમલી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ભાવમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ લોકોને મોટી રાહત મળી શકે છે. કારણ કે એક બાજુ રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ સામાન્ય લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. પાંચમી નવેમ્બરના દિવસે કિંમતોમાં વધારો કરવામાં આવ્યો હતો પરંતુ હવે ફરી એકવાર ઘટાડો કરવામાં આવ્યો છે. સપ્ટેમ્બર બાદથી છ વખત વધારો કરવામાં આવ્યા બાદ આજે ઘટાડો કરવામાં આવ્યો છે. નવી કિંમત અમલી બન્યા બાદ દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૬૬.૧૬ થઈ ગઈ છે જ્યારે ડિઝલની કિંમત પણ સતત ત્રણ વખત વધારવામાં આવ્યા બાદ હવે ઘટાડવામાં આવી છે. દિલ્હીમાં ડિઝલની કિંમત હવે ૫૪.૮૮ રહેશે. છેલ્લે પેટ્રોલની કિંમતમાં વધારો કરવામાં આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય કિંમતોને ધ્યાનમાં લઈને આ વધારો કરવામાં આવ્યો છે. નિવેદન જારી કરીને આઈઓસી દ્વારા આ મુજબની માહિતી અપાઈ છે. લોકલ સેલટેક્સ અને વેટ સિવાય આ ભાવમાં ઘટાડો જાહેર કરાયો છે.

અત્રે નોંધનીય છે કે, પાંચમી નવેમ્બરના દિવસે અગાઉ પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો કરી દેવામાં આવ્યો હતો. સપ્ટેમ્બર મહિના બાદથી રેટમાં છઠ્ઠી વખત વધારો કરવામાં આવ્યો હતો. પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૮૯ પૈસાનો અને ડિઝલની કિંમતમાં ૮૬ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. એક મહિનાની અંદર ત્રીજી વખત વધારો ઝીંકી દેવામાં આવતા લોકોને ભારે મુશ્કેલી પડી હતી.

# નાની નોટ બેંકોમાં જમા કરવા ધાર્મિક સ્થળોને અપીલ કરાઈ

## જનધન ખાતાનો ગેરકાયદે ઉપયોગ કરતા લોકોની સામે તવાઈ આવશે

નવી દિલ્હી,તા. ૧૫

નોટ બદલવા માટે એટીએમ અને બેંકો ઉપર લાંબી લાઈનો યથાવતરીતે જોવા મળી રહી છે જેના લીધે આને ઘટાડવાના હેતુસર પહેલ કરવામાં આવી રહી છે. જનધન ખાતાઓ ઉપર સરકારે નજર કેન્દ્રિત કરી દીધી છે. દોષિતો સામે હવે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. બીજી બાજુ ધાર્મિક સ્થળો અને ટ્રસ્ટોને પણ સરકારે અપીલ કરી છે કે તેમની પાસે રહેલી નાની નોટને નજીકની બેંક શાખામાં જમા કરી દેવામાં આવે. આનાથી માર્કેટમાં રોકડની તકલીફ ઉભી થશે નહીં. સાથે સાથે પુરતા પ્રમાણમાં રોકડ રકમ લોકોને મળી શકશે. બેંક શાખાઓમાં માઈક્રો એટીએમની વ્યવસ્થા પણ કરી દેવામાં આવી છે. ઘણી બેંકોમાં ગ્રીન ચેનલ ફોર્મ ભરીને ડેબિટ અને ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને માઈક્રો એટીએમ મારફતે રોકડ રકમ લઈ શકાય છે. આ તમામ જાહેરાતો આજે કરવામાં આવી હતી. આના પરિણામ સ્વરુપે સ્થિતિને હળવી કરવામાં મદદ મળી શકે છે. સ્થિતિ પર નજર રખાઈ રહી છે.

# મોદી સરકાર વિરૂદ્ધ દિલ્હી સરકારે પ્રસ્તાવ પસાર કર્યો

નવી દિલ્હી,તા. ૧૫

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે દિલ્હી વિધાનસભાના ખાસ સત્રમાં નોટ બંધીની સામે પ્રસ્તાવ પસાર કર્યો હતો.

પ્રસ્તાવમાં કેજરીવાલે રાષ્ટ્રપતિને અપીલ કરી છે કે, નોટ ઉપર પ્રતિબંધના નિર્ણયને પરત ખેંચવામાં આવે તેવો આદેશ જારી કરવામાં આવે. કેજરીવાલ શરૂઆતથી જ નોટ પર પ્રતિબંધનો વિરોધ કરતા આવ્યા છે. મોદી ઉપર પેટીએમ જેવી કંપનીઓને નોટબંધી કરના ફાયદા પહોંચાડવાના આક્ષેપ પણ કેજરીવાલ કરી ચુક્યા છે. આજે ખાસ સત્ર બોલાવવામાં આવ્યું હતું જેમાં જોરદાર આક્ષેપોનો મારો ચલાવવામાં આવ્યો હતો. કેજરીવાલે કહ્યું હતું કે, જે રીતે મોદીએ આ નિર્ણય લીધો છે તેની તેઓ ટિકા કરે છે. મોદીની સામે જોરદાર નારાબાજી પણ કરવામાં આવી હતી. દેશ અને દિલ્હીમાં ઈમરજન્સી જેવી સ્થિતિ સર્જાઈ છે જેથી આ સત્ર બોલાવવામાં આવ્યું છે.


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI ,
SARGAASAN - G'NAGAR
09414119651 ,09829719885 ,09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651




**બેસણું**

અમારા પૂ.પિતાશ્રી રાણા મનુભા ફતેસિંહ તા. ૧૦-૧૧-૨૦૧૬ના રોજ દેવલોક થયેલ છે. પ્રભુને ગમ્યુ તે ખરૂ . સદ્‌ગતનું બેસણું તા. ૧૭-૧૧-૨૦૧૬ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ થી ૨.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ :
મું. ધણપ, તા.જી. ગાંધીનગર (દેવુભાનો વાસ)

લી

રાણા રામસિંહ ફતેસિંહ (ભાઈ) (પો.ડિપાર્ટમેન્ટ)
રાણા હિતેન્દ્રસિંહ રામસિંહ (ભત્રીજા)
રાણા ધર્મેન્દ્રસિંહ રામસિંહ (ભત્રીજા)
રાણા મહેન્દ્રસિંહ મનુભા (પુત્ર) (પૂર્વ મેયર, ગાંધીનગર મ.ન.પા)
રાણા પ્રદિપસિંહ મહેન્દ્રસિંહ (પૌત્ર)
રાણા જયસિંહ હિતેન્દ્રસિંહ (ભત્રીજા)